| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Gandhinagar |
| DATE : | 04/07/24 |
| PAGE : | 3 |

# ‘MSMEને ઓછી કિંમતે ક્રેડિટ મળે તે પ્રક્રિયા સરળ બનાવવી જરૂરી છે’

અમદાવાદ : EDII દ્વારા ઈન્ટરનેશનલ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) ડે સેલિબ્રેશનના ભાગરૂપે ‘ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન:અનલોકિંગ ધ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએસએમઈ’ પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ, આંત્રપ્રિન્યોર્સ અને અન્ય પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે, ‘ઈડીઆઈઆઈ હંમેશાથી MSME ના વિકાસને વેગ આપવા માટે કાર્યરત છે. અમે સરકારી અને ખાનગી કંપનીઓના સમર્થનથી ટેક્નોલોજી, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ઈનોવેશનના ક્ષેત્રમાં MSME ક્ષેત્રે અનેક પહેલ હાથ ધરી છે. ક્રેડિટ એક્સેસને સરળ બનાવવા માટે ઘણી સરકારી પહેલો છતાં MSME સમયસર અને ઓછી કિંમતે ક્રેડિટ મેળવવા માટે સંઘર્ષ કરે છે. આ પ્રક્રિયાને સરળ બનાવવી જરૂરી છે, જે MSME માટે અનુકૂળ હોવી જોઈએ.’ તેમજ જાણીતા ઈ-કોમર્સ પોર્ટલના પ્રતિનિધિએ MSME માટે ક્રેડિટ મેળવવામાં ટેકનોલોજીની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.